૨૭૩૦

બાગનો ગરબો.

[બાગનો ગરબો -બરાનપુરી રાગમાં.]

બાગ બન્યો છે બલીહાર ।। ખુબ ખીલ્યો છે ગુલજાર ।। તાહા જોવાને જાએ ।। સઉ નરને નાર ।। કે રાણી વીક્ટોરી-યાનો બાગ ।। તાહા જોવાનો છે લાગ ।। મકઈ ભાગળનો મા-રગ ન્યારો છે ।। પુરવે આવી ઈસપીટાલ ।। પશ્ચીમ તાપીનાં કીનાર ।। ઉતર દેવલ થકી કીલો ન્યારો છે ।। કે દક્ષણ આવ્યા છે બજાર ।। બાગ બન્યો છે ગુલજાર ।। તેને સાચવનારા ઘણા માળી છે ।। કે કુવા હોજ ભરયા છે પાણી ।। કીધી પરજાને જાણી ।। અક્કલ અંગરેજ લોકોની ઘણી ભારી છે ।।

સાખી.

કે અકલ અંગરેજ તણી ।। તમે સાંભલો નરને નાર ।।
હીકમતથી હીંદુસ્થાનમાં ।। સઉ હરી લીધા હથીયાર ।।

કે એવી રીતરે એવી રીતે ।। અની હારે એવી રીતે ।। એવી કીધીરચના ભારી ।। લોકો જુવે ધારી ધારી ।। જોવા આવે સુખ કારી ।। છુટે ફુવારા ।। કે કાળી કામણ ગારી નાર ।।

શીરપર તબકડીનો ભાર ॥ કાંળી હુબસાણુનો અવતાર ॥ ખા-વા દોડે છે ॥ કે એવી રચના કીધી ભારી ॥ લોકો જુવે ધારી ધારી ॥ ઊંચી ડોકે અલકારી ॥ જાએ જોવાને ॥ કે દાડમ જ-મરૂખીની ડાલ ॥ ફણુસ કેળાના છે ઝાડ ॥ મોગરો માલતી ને ચંપો ખીલ્યો છે ॥ કે સેતુર ફાળસીના છોડ ॥ અંજીર જાંબુડીની જોડ ॥ તેને જોવાનોછે કોડ ॥ રાઓણ ઝુલે છે ॥

સાખી.

ઝુલી રાઓણ ઝુમખે ॥ વળી પાકી અંબા શાખ ॥
જોતાં મનનીરમળ થયું ॥ તાહા રચના લાખો લાખ ॥

કે એમ જોતારે એમ જોતાં ॥ અનીહાંરે એમ જોતાં ॥ કે મન થયું નીહાલ ॥ મને લાગ્યો તેનો ખ્યાલ ॥ આંણી મનમાં વીચાર ॥ હું તાંહાં થયો ખુશીઆલ ॥ કે લીંબુ નારં-ગીના છોડ ॥ શોભા જોવા થાએ કોડ ॥ અનુંસડાનો તે બા-હાર, બહુ શોભે છે ॥ કે લીલી વાવી છે દરાખ ॥ બીજા વેલા લાખો લાખ ॥ રામફળ કરતાં તે કમરખ સારી છે ॥ કે કેશગા કેટકીનાં ફુલ ॥ લીલી વરીઆળીની ઝુલ ॥ જોતાં બહુ પડેછે ભુલ ॥ નારીએળ ઝુલે છે ॥ કે કોઠ કંપીલા ને બોર ॥ બહુ બહુ મરચાંના છોડ ॥ માળીફરે દોડાદોડ ॥ ગોઠવણ સુફીછે॥

સાખી.

ગોઠવાણ મુકી જાત જાતની ॥ વળી જાળી ગુંથી સાર ॥
આસપાસ વીટાઈ વળીયો ॥ લોઢાનો બહુ તાર ॥

કે તાર બાંધ્યોરે તાર બાંધ્યો ॥ અનીહાંરે તારબાંધ્યો ॥ તે એવી રૂડી પેર ॥ તાહા થઈ ગઈ લીલા લેહેર ॥ પાછા નડીં જઈએ ઘેર ॥ એમ મનમાં થાએ ॥ કે ફુલને લાગ્યાછે ફળ ડાળ ॥ છોડ દીસે છે રૂપાળ ॥ બાંધ્યા છત્રીસે ખુણાં, તે વેળા ચઢવાને ॥ કે ફુલ ફુટયાછે ગુલાલા ॥ જોવા આવે ટોપીવાલા ॥ નજર કરે લાંબી લાંબી, લલકારીને ॥ કે ફુલ સુરજ મુખી સાર ॥ લીમડો લીલો ગુલજાર ॥ કેળ કમળીના બાર, બહુ શોભે છે ॥ કે ફુલ ગુલાબીના ઝાડ ॥ અસવે ચંપેલીની ડાળ ॥ વનસપતી ભારે અરાડ, મન લોભે છે ॥

શાખી.

મન લોભે છે જોઈને ॥ વળી રસના ઉપર છંટકાવ ॥
ફરતો પુરતો બાંધ્યો ॥ બહાર જવા કરે, અટકાવ ॥

કે એમ બાંધ્યોરે એમબાંધ્યા ॥ અનીહાંરે એમબાંધ્યા ॥ કે ફરતા પાસે કોટ ॥ ફુવારા ફુટે ગોટા ગોટ ॥ લોકો કરે દોડા દોડ ॥ જાએ જોવાને ॥ કે જાળી બાંધી ન્યારી ન્યારી ॥

ફરતી લોઢાની છે જાળી ॥ લોકો જાએ છે ઉઘાડીને, જોવાને ॥ કે .ફાનસ ફરતા ફુલ બાગ ॥ રસતામાં ઘણા છે ભાગ ॥ તાહુ તો જોવાનો છે લાગ ॥ હરકત નહીરે નડે ॥

સાખી.

હરકત નહી આ રાજમાં ॥ સુખે જુએ નરને નાર ॥
ગુનીજન જોઈને રીઝજો ॥ ફુલ કેવો કીધો છે કીરતાર ॥

કે એમ કેહેછે રે એમ કેહેછે ॥ અનીહારે એમ કેહેછે, ગુનીજન ॥ તમે સાંભલોની તન ॥ બાગ જાંણ્યો તેના પ્રભુ પરવારી ॥ કે આવ્યા કલેકટર ગુજરાત ॥ મીસતર હોપ છે વીખ્યાત ॥ તેની મેહેનતથી વાત, બની સારી છે ॥ કે લોકો કેહેછે ફર અવાજ ॥ આવ્યા પોતે કરવા રાજ ॥ આગી નફટોને લાજ, બહુ કરી છે ॥ કે બાગનો આંણ્યો મેં નીવેડો ॥ મેં તો ટુંકે આણ્યો છેડો ॥ ॥ લેજો બાગ તણો કોઈ કેડો ॥ હુતો થાકયોછું ॥

બાગના ગરબાનો નવો વધારો

જુવો પેલી ચંપેલી કેવી ખીલી રહીછે [બે વાર]
જુવો એની લટ પટ કેવી સારી દીપેછે,

એ રંગીના બાગમાં કેવા, કેવા, ફુલ છે જુવો.
જાઈ જોઈ સેવતી બટ મોગરો ખીલ્યો છે
ગુલાબના ઝાડની લટો કેવી ઝુકી છે જુવો.

[ઝુલ]

નાના? નાના? સુંદર ઝાડ, તેમાં સઉથી ઉંચા તાડ,
મેંદીનીતો નાની વાડ આડ કેવી મુકીછે જુવો.
ફરે ગલી કુંચી સાર, કેવી આંતી મુકી છે,
ફ્રાનસો ફરતાં ફુલ બાગ, લાલ લીલા રંગના છે જુવો.
ફ્રેંગ્ણા કેવકીના ફુલ, લાલ બુરીઆ ન્યારા છે,
ફુલ સુરજ મુખીના, ભુલ નહી કહાડી છે જુવો.

[ઝુલ]

જુવો, માતા આવી રેલ, તેને કીધો કેવો ખેલ,
પાણી નીતરૂં આવ્યું તેલ, શેલ કરવા આવી છે જુવો.
ટુંકો પરતો હતો બાગ, તેને લાંબો કીધો છે;
ગેરને કહાડી નાંખી, જગો ત્યાં વધારી છે જુવો.
શ્રાવકની ઓલ વચમાં, દેરૂં તેમાં આવ્યું છે,
કામેટી વાલાએ જગો કેવી રીતે માંગી છે જુવો.

[ઝુલ]

પઈસા લઈને આપો હાલ, અરે મારા શ્રાવક લાલ,
તમેતો મચાવો તાલ, દેરૂં કહાડી નાંખો લાલ
કુમેટી સરદાર કહે, કહયું નહીં માનેછે. જુવો.

ગરીબ રાંમગરી.

મોહોલે પધારો માહારાજ, માણીધર મોહોલે પધારો.
નારી જુવેછે વાટ, માણીધર મોહોલે પધારો,
મારો શીચારે અપરાધ, માણીધર મોહોલે પધારો.
રૂધન કરે રાધા નાર, માણીધર મોહોલે પધારો. ટેક.
સીસો ભાંગ્યો સાંધતાં, મન ભાંગ્યો કુવેંણ,
મોટી ભાંગ્યો વીધતાં, તેને નહી સાંધો નહી રેણ,
માણીધર મોહોલે પધારો, નારી જુવેછે વાટ, માણી. ૧
સોનું કરીને સાટવ્યું, પણ કરમે નીકળયુ કથીલ,
ચીંતામાં ચતુરાઈ ઘટે, મારા સોસે સુકાણા શરીર,
માણીધર મોહોલે પધારો. નારી જુવેછે વાટ. માણી.
શ્રી કૃશણજી ગાડા જોતરયા, માંહે ભરયાછે કસુંભા રંગ
પરણ્યો હોયતો સાટવે, મને રાતા ચુડલાની ખંત,
માણીધર મોહોલે પધારો, નારી જુવેછે વાટ. માણી. ૩

ભરજોબનમાં નારી, પીઊ ગયો પરદેસ,
જુવો અબળા કરે સંતાપ, મારા બાપને માથે પાપ,
માગુીધર મોહોલે પધારો, નારી જુવેછે વાટ. માગુી. ૪
શ્રી કૃશણજી ગાડા જોતરયા, માંહે ભરયાછે હીર,
પરણ્યો હોયતો સાટવે મારા ફાટી ગયાછે ચીર,
માગુીધર મોહોલે પધારો, નારી જુવેછે વાટ, માગુી. ૫
આજુ બાજુ જુપડી, વળી વચમાં ઢારયો બાજ,
દીકરાને ઘેર દીકરા, તેને પરણ્યાનો શીયો કાજ,
માગુીધર મોહોલે પધારો, નારી જુવેછે વાટ. માગુી ૬

રીસાણ્યા રશીક સંઘાતે રાધા,
બોલુરે નહી શામ સુંદર સાથે બાધા; રીસાણ્યા. ટેક.
સખીરે હું તો ભોળપણમાં ભોળવાઈ,
બેહેનીરે હું તો મીત કરીને પસતાઈ.
હવે હું તો બેઠી મારા રામ ખાઈ; રીસાણ્યા. ૧
સાસરીઆમાં સાસુડી સંતાપે,
નાણદીરે મારી મસે મેહેણા મારે,
હવે મને મધુ વીના નહી ચાલે; રીસાણ્યા. ૨
બેનીરે મુંગટમાં જોયું ધારી,

દીઠરિ નવ જોબન ઊતમ નારી,
તેગુરે પેહેરી મારા સરીરની સાડી; રીસાવ્યા. ૩
સખીરિ માહારા મનમાં કંઈક થાએ,
જોનારિ બેહેની જુલમ કરયો જદુરાએ,
હવે તેતો માહારાથી કેમ સેહેવાએ; રીસાવ્યા, ૪

લગનમાં ગવાના ગીત,

ભમરા પેહેલો વધાવો મારે આવીયાં
એતો મોકલ્યા મારા દાદાને દરબારરે
વાડીના ભમરા દ્રાક્ષ મીઠીરે ચાંપાનેરની
મારી માતાએ હરખે વધાવીઓ
મારા દાદાએ આલ્યા પાલવ છેડારે વાડીના૦
ભમરા બીજો વધાવો મારે આવીયાં
એતો મોકલ્યા મારા મામાને દરબારરે વાડીના૦
મારી મામીએ હરખ વધાવીયો

તંબુ કંડીતે નગર સોહામણી માંડી ભરીમારે ગવરીના ઘી
અમારાં કીયા ભાઈના વાજીંત્ર વાગીઆં મારા પોપટભાઈના
વાજીંત્ર વાગીઆ. પેલા વેવાઈના પડયારે નીશાન સાહેલી ૧
મારા કયા ભાઈની મેડીએ દીવા બલે મારા પોપટ ભાઈની

એટીએ દીવાબલે પેલા વેવાઇને ઘેર ઘોર અંધારૂ સા૦

હળવે હળવે પુંખેરે મોટા ટોપારે, બાળા વરને વાગેછે સાડી ચોખારે, રહીયો વર પોંખે તે ભવઈયો. અલાદરે અલાડી, વર પોંખેતે બલાડી

લાડોતો કુચે કુચે મારેરે, લાડીને કંસાર ન ભાવેરે
લાડોતો દુકાલમાંથી આવ્યોરે લાડીતો સુકાલમાંથી આવીરે.

શોનાનું સળકડું વાએ ઉડી જાયજો
વેવાઈ તારૂ નાક વઢાયુ જાન ભુખી જાયજો

લાડી આપી પાડી આપી જાનઈઆની માડી આપી તોએ લડ્યા માંડવા હેઠરે.

આવ્યોતો ચઉટાનો ચોર લાખેણી લાડી લઈ ગયોરે, આવ્યોતો નગર ધુતારો લાખેણી લાડી લઈ ગયોરે, આવ્યોતો છીનાળનો છયે લાખેણી લાડી લઈ ગયોરે
એક આરા ઉપર આરીરે, એતો વહુ થઈ અમારીરે,
એતો અમારા કહ્યાં કરશેરે, પેલી વેવાણના બોલપુંઠે ધરશેરે

ગરબી વાંશલડીની.

વાંસલડી વાગીને હું જાગી,
સખીરે બનસી, વેરણ થઈને લાગી; વાંસલડી. ટેક
આવીરે શબદે, અંતર મારૂં વેરે,
છાંડીરે સહુ, લોક લાજ એમ કહેછે,
કાંનુડે, ચીત લીધુંછે ચોરી—વાંસલડી વાગીને હું જાગી. ૧
મોહન મંતર ભણીને, વાંસલડી વગાડી,
વાલેરે મારે વેદની, વાત વણ સાડી,
ઘેલીરે કીધી, સંસારમાંથી કાડી; વાંસલડી. ૨
વાંસલડી વાંસ તણો છે કટકો,
આવીરે મારા અંતરમાં લાગો ચટકો
મોહી હું તો મોહનનો જોઈ લટકો; વાંસલડી. ૩
સાસરીઆમા, સાસુડી સંતાપે,
નાગણી મુને, બોલે બોલીને બાલે,
હવે મુને, પરભુ વીના નવ ચાલે; વાંસલડી. ૪
હવેરે મુને, ઘરમાં તે નથી ગમતું,
અદેખા લોક કરે અદેખાઈ,
તેથી મુને વાહાલું ન લાગે કોઈ; વાંસલડી. ૫
મનોહર મુખ જોઈને હું મોહી,

બીજુરે મુને, વહાલું ન લાગે કોઈ,
જીવુંછું હું તો જીવણજીને જોઈ; વાંસલડી. ૬
સખીરે હવે જમનાજીને ઘાટે,
મોહન મેં દીઠાંતા મધરાતે,
મીઠી મોરલી વગાડી દીના નાથે; વાંસલડી. ૭
સખીરે એને કાને તે કુંડળ સોભે,
સખી એને પીલા પીતાંબર ઓપે,
સાંમળીઆજી શોભોછો રૂડે રૂપે; વાંસલડી. ૮
વાંસલડી હેત કરીને કોઈ ગાશે,
તેનાતે ભવના પરાભવ જાશે,
સાંમળીઆજી આવેને સુખ મન થાશે; વાંસલડી. ૯
દયાના પરીતમ, બંનસી લાગે પીયારી,
વાજે તરણ લોક વીશે ગણગારી,
વયાકુલ થઈ ગોકુલની બરજનારી; વાંસલડી. ૧૦

રાવલડી, કોહોની સંગે જાગયા,
ઘાએલ છોજી નેન બાંણ કેઈના વાગયા; રાવલડી. ટેક.
વાંકલડું તમ સામું કઉએ જોયું,
મોહન છો કઈ મોહીનાચ મન મોહયું,

કેઈ પરાંણ પીયારી કરી ચાત પરોયું; રાતલડી. ૧
ભલા ભગવંત વચનના સાચા,
કહોની કાલે કેની વદતા વાચા,
તુરતના તુરત દેખાયા કાચા; રાતલડી. ૨
જુઠાશું તંત ન કરવો જાણો,
બોલ બોલી શકતા નથી કાંઈ સાજો,
જુઠા સમ ખાતાં લગાર ન લાજો; રાતલડી. ૩
હારના ચીનહ દેછે ઉર દેખા,
અદરપર દીસેછે અંજન રેખા,
મલી મલી જાયછે નેતરની મેખાં; રાતલડી. ૪
જેસું રમાયા રજની લાગી તે અમોલી,
ભુલે તેનું નામ જવાએછે બોલી,
તેનાં સમ તમને કહો દીલ ખોલી; રાતલડી. ૫
શ્રીમંત છો આવો લગારેક પોહોડો,
પલોટું પાઓ મટે સરમ થોડો,
આંગણે ઉભા આળસ શીઃ મોડો, રાતલડી. ૬
રાખયું મુખ પ્રસાન રૂડેમાં દાધી,
જશો ખમી વસતુ અમુલક લાધી,
રામજાણી સયામાં લીધું કામ સાધી' રાતલડી. ૭
સામા સામી નેન નેહના મળીયા,